## વિભાગ A

**નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર લખો : *[ પ્રત્યેકનો 1 ગુણ ]*** **5**

1. 'ઇન્ડિયન સોશિયોલૉજિકલ સોસાયટી'ના પ્રેરણાસ્રોત કોણ હતા?

(a) એમ. એન. શ્રીનિવાસ (b) ડૉ. જી. એસ. ઘૂર્યે

(c) આઈ. પી. દેસાઈ (d) એ. એમ. શાહ

2. વર્તમાન સમયમાં શિક્ષકોનો દરજ્જો કયા પ્રકારનો છે?

(a) અર્પિત (b) પ્રાપ્ત

(c) અસ્પષ્ટ (d) આપેલ પૈકી એક પણ નહિ

3. વ્યક્તિના વર્તનને માર્ગદર્શન આપતા નિયમોને શું કહે છે?

(a) દરજ્જો (b) સામાજિક ધોરણો

(c) સામાજિક નિયંત્રણ (d) સંસ્કૃતિ

4. 'ભૂમિકા' એ દરજ્જાનું કયું પાસું છે?

(a) ગુણાત્મક (b) સંખ્યાત્મક

(c) વર્તનલક્ષી (d) આર્થિક

5. ગતિશીલતાની પ્રક્રિયા શું સૂચવે છે?

(a) સ્થગિતતા (b) અવરોધ

(c) સ્થાન-પરિવર્તન (d) આપેલી પૈકી એક પણ નહિ

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો :** **5**

***[ પ્રત્યેકનો 1 ગુણ ]***

**6.** કાર્લ માર્ક્સે લખેલા પ્રસિદ્ધ પુસ્તકનું નામ જણાવો.

**7.** મેકાઈવર અને પેજે આપેલી 'સમાજ'ની વ્યાખ્યા લખો.

**8.** સામાજિક નિયંત્રણની પદ્ધતિઓ જણાવો.

**9.** સમાજશાસ્ત્રી ટાલ્કોટ પાર્સન્સે આપેલા સામાજિક રચનાતંત્રનાં મૉડેલને શેના તરીકે ઓળખવામાં આવે છે?

**10.** 'આડી ગતિશીલતા' એટલે શું?

## વિભાગ C

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : [પ્રત્યેકના 2 ગુણ] 10**

**11.** સમાજશાસ્ત્રની રજૂઆત કોણે, ક્યારે અને કયા પુસ્તકમાં કરી?

**12.** 'ખ્યાલ' કે 'વિભાવના' એટલે શું?

**અથવા**

**12.** મંડળની વ્યાખ્યા લખો.

**13.** ઉપજૂથની વ્યાખ્યા લખો.

**14.** સામાજિક વ્યવસ્થાનાં પાસાઓ જણાવો.

**15.** સામાજિક રચનાતંત્રની વ્યાખ્યા લખો.

## વિભાગ D

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો : [પ્રત્યેકના 3 ગુણ] 15**

**16.** ઑગસ્ટ કૉંત વિશે નોંધ લખો.

**17.** માનવસમાજ અને માનવેતર સમાજ વચ્ચેનો સંબંધ સમજાવો.

**18.** સામાજિક દરજ્જાના પ્રકારો સમજાવો.

**19.** સામાજિક આંતરક્રિયાના સ્વરૂપ તરીકે 'સ્પર્ધા'ની સમજૂતી આપો.

**અથવા**

**19.** સામાજિક આંતરક્રિયાના સ્વરૂપ તરીકે 'સંઘર્ષ'ની સમજૂતી આપો.

**20.** ચક્રીય સ્વરૂપનું પરિવર્તન સમજાવો.

## વિભાગ E

**નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :** *[ પ્રત્યેકના 5 ગુણ ]* **15**

**21.** સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ સમજાવો.

**22.** સામાજિક વ્યવસ્થાનો અર્થ અને લક્ષણો સમજાવો.

**અથવા**

**22.** સામાજિક રચનાતંત્રનું 'AGIL' મૉડેલ સમજાવો.

**23.** સામાજિક ક્રિયાનાં તત્ત્વો સમજાવો.